## જન્મદિને વધામણી



જસ્મીન હર્ષદરાય જોષી
મો. ૯૮૨૫૩ ૨૨૯૦૨



દિવ્યાંગ ઓચ્છવલાલ શાહ



અક્ષય વાસુદેવભાઈ પટેલ
મો. ૮૪૦૧૪ ૪૦૩૭૫

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન - ૧**
ધડક
૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન - ૨**
ધડક
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન - ૩**
સ્કાયસ્ક્રેપર (અંગ્રેજી, ટુડી)
૧.૦૦, ૮.૦૦
સ્કાયસ્ક્રેપર (હિન્દી, ટુડી)
૩.૧૫, ૧૦.૧૫
ઍન્ટમૅન ઍન્ડ ધી વૅસ્પ
(હિન્દી, ૩ડી)
૫.૩૦

**સ્ક્રીન - ૪**
બૅક બૅન્ચર (ગુજરાતી)
૧.૦૦, ૭.૦૦
સૂરમા
૪.૦૦, ૯.૪૫

**સ્ક્રીન - ૫**
બૅક બૅન્ચર (ગુજરાતી)
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

### આર સી પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે

# વ્યક્તિગત પ્રતિભા સ્પર્ધા યોજાઈ









સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર સી પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના ધોરણ-૯ અને ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા 'વ્યક્તિગત પ્રતિભા સ્પર્ધા' અંતર્ગત રંગોળી, મહેંદી અને ચેસ સ્પર્ધા યોજવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માધ્યમિક વિભાગનાં શિક્ષક મલ્લિકાબેન પટેલે કર્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને આચાર્ય વિનોદભાઈ પટેલના હસ્તે ઈનામો આપીને પ્રોત્સાહિત કર્યા હતા. રંગોળી સ્પર્ધામાં અંડલી એ રાઠોડ, મહેંદી સ્પર્ધામાં ભૂમિ ડી પટેલ અને ચેસ સ્પર્ધામાં નિસર્ગ આર પટેલ વિજેતા બન્યા હતા.

## સે. ૨૯ની શાંતિનિકેતન વિદ્યાલયમાં ભાષાશુદ્ધિ વિષયક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

'આપણી મધુર ભાષા, વિભૂષા' વિષયે શાંતિનિકેતન વિદ્યાલય, સૅક્ટર-૨૯ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ અંતર્ગત ધોરણ-૫થી ૧૦ના વિદ્યાર્થીઓ, શિક્ષકો સમક્ષ શબ્દભેદ, પદક્રમ, વિરામચિહ્નો, અર્થભેદ, શબ્દભેદ, સ્વર-વ્યંજન વિષયક ગણન, કથન, વાચન, પઠન, ગ્રહણ કૌશલ્યોને સુંદર રીતે પરિણામલક્ષી પદ્ધતિઓ વડે આદર્શ શિક્ષક પારિતોષિક વિજેતા રોહિતકુમાર બી જોશીએ હાસ્યાભિનય, સંસ્કારઘડતર અને મૂલ્યનિષ્ઠ દૃશ્ય-શ્રાવ્ય પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. આ સભામાં ટ્રસ્ટી બિપીનભાઈ રાવલ, આચાર્ય અનિલભાઈ પટેલ, શિક્ષક જગતભી, સૌયદભાઈ, શિલ્પાબેન, કલ્પનાબેને સહકાર આપ્યો હતો.

ઉલ્લેખનીય છે કે રોહિતકુમાર જોષી દ્વારા આ ૧૨૩મો પ્રોજેક્ટ રજૂ થયો હતો. શાળા પરિવાર દ્વારા તેમના પ્રતિ અભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. બાળકોએ હસ્તાક્ષર સુધારવા અને માતા-પિતાને દરરોજ પગે લાગવાની પ્રતિજ્ઞા લઈને 'ગુરુ દક્ષિણા' આપી હતી.



ગાંધીનગર જિલ્લા ગ્રામીણ બાસ્કેટ બોલ સ્પર્ધાનું આયોજન ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે કરવામાં આવ્યું હતું. આ બે દિવસીય સ્પર્ધામાં જિલ્લાનાં વિવિધ ગામોની શાળાઓએ ભાગ લીધો હતો અને સફળ આયોજન બદલ જીઆઈપીએસને બિરદાવી હતી.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર સી પટેલ સ્કૂલમાં વિદ્યાર્થિનીઓ માટે સ્વરક્ષણ માર્ગદર્શન અને તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત મુંબઈથી આવેલા અનુરાગ દુબે, વિવેક રોહિત, અરવિંદસિંગ રાજપૂત, જયદીપસિંહ વાઘેલા, રાહુલ સીસારા અને ભરતસિંહ સોલંકીએ વિદ્યાર્થિનીઓને સ્વબચાવ માટે વિવિધ પ્રકારનું માર્ગદર્શન આપ્યું હતું. શાળામાં અભ્યાસ કરતી ધોરણ-૯થી ૧૨ની તમામ વિદ્યાર્થિનીઓ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક જોડાઈ હતી.

## તક્ષશિલા માધ્યમિક વિદ્યાલય ખાતે શાળાકીય હરિફાઈ યોજવામાં આવી

ગાંધીનગર, તા. ૨૫

તક્ષશિલા માધ્યમિક વિદ્યાલયમાં શાળાકીય હરિફાઈનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

આ ઉપક્રમ અંતર્ગત ધોરણ-૯ તથા ૧૦ની વિદ્યાર્થિનીઓ માટે મહેંદી હરિફાઈ, કેશગૂંફન તથા સાડી પરિધાનની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. શાળાનાં શિક્ષક મમતાબેન આઈ શુક્લ અને બકુલાબેન નવીનચંદ્ર ઠાકરના માર્ગદર્શન તળે આ કાર્યક્રમ યોજાયો હતો.

મહેંદી હરિફાઈમાં અનુક્રમે આશા પી રબારી, પૂજા બી દંતાણી, રેણુકા એ ઠાકોર, પ્રિયંકા એમ ગરાસિયા, કેશ ગૂંફન સ્પર્ધામાં દિવ્યા એમ મકવાણા, પ્રિયંકા એમ ગરાસીયા, ઉન્નતિ આર વાઘેલા, સાડી પરિધાન હરિફાઈ દિયા એમ મકવાણા, ઉન્નતિ આર વાઘેલા અને પ્રિયંકા એમ ગરિસા વિજેતા બન્યાં હતાં.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

## ડિપાર્ટમૅન્ટ ઑફ ઍજ્યુકેશન ખાતે રોડ સેફ્ટી અંગે વ્યાખ્યાન

### ડ્રાઈવિંગ, પાર્કિંગ વગેરેની ટીપ્સ વિદ્યાર્થીઓને અપાઈ

ગાંધીનગર, તા. ૨૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ઍસ ઍસ પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશન, આર ઍચ પટેલ ઇંગ્લિશ મીડિયમ બીઍડ કૉલેજ અને વકીલ શ્રી ડી ઍચ પટેલ ડિપાર્ટમૅન્ટ ઑફ ઍજ્યુકેશન ખાતે તાજેતરમાં રોડ સેફ્ટી વિષયે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

તાલીમાર્થીઓને સડક પર વાહન કેવી રીતે ચલાવી શકાય તેમજ સડક અકસ્માતથી બચવા માટે શું કરવું જોઈએ તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા અમીન ખત્રીએ ટુ વ્હીલર, ફોર વ્હીલરનું ડ્રાઈવિંગ કેવી રીતે કરવું, હેલ્મેટ પહેરવાની થતા ફાયદા, વાહનનું પાર્કિંગ કઈ રીતે કરવું, વાહનમાં કઈ રીતે બેસવું વગેરે વિશેની ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. આ કાર્યક્રમનું આયોજન તેમજ સંચાલન ડૉ. વિભાબેન દ્વિદેવી અને અજભઆઈ રાવલે કર્યું હતું.

## સરકારી આર્ટ્સ કૉલેજમાં ઓરિએન્ટેશન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૫

સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓ માટે મંગળવારે ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે ભરતસિંહ ટાંક (ડી.વાય.એસ.પી., સી. આઈ. ડી. ક્રાઈમ બ્રાંચ, ગાંધીનગર) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને ઈતર પ્રવૃત્તિ સાથે જીવનઘડતરને કેન્દ્રમાં રાખી માર્ગદર્શન આપ્યું હતું. કોલેજના આચાર્ય ડો. હિમ્મત ભાલોડીયાએ પ્રાસંગિક પ્રવચનમાં સંસ્થાનો પરિચય આપ્યો હતો અને નવા આવેલા વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. એસ.આર.સી. કમિટીના કન્વીનર ડો.રાજેશ કોઠારીએ કોલેજમાં ચાલતી વિવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને કોલેજ વિભાગોની માહિતી આપી હતી. આ પ્રસંગે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી કે જેઓ હાલ સરકારી ઉચ્ચ હોદા પર છે તેઓએ હાજરી આપીને વિદ્યાર્થીને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત ગત શૈક્ષણિક વર્ષમાં વિવિધ સ્પર્ધામાં ભાગ લઈને વિજેતા બનેલા વિદ્યાર્થીઓને શિલ્ડ અને પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી દ્વારા પ્રાર્થના, લોકગીત, ડાયરો, ફની ડાન્સ જેવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.





### એઍફઍસ સ્ટુડન્ટ ઍક્સચેન્જ કાર્યક્રમ અંતર્ગત વિદેશથી અભ્યાસાર્થે ગાંધીનગર આવેલા

# વિદ્યાર્થીઓ માટે આવકારોત્સવ ઉજવાયો









ગાંધીનગર, તા. ૨૫

એઍફઍસના ગાંધીનગર ચૅપ્ટર ખાતે સ્ટુડન્ટ ઍક્સચૅન્જ કાર્યક્રમ હેઠળ વિદેશથી અભ્યાસાર્થે ગાંધીનગર આવેલા વિદ્યાર્થીઓ માટે સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે આ વર્ષે તુર્કીથી કાન જીજીગ્યુન અને જાપાનથી ઈપો સોગાવા અભ્યાસાર્થે ગાંધીનગર આવ્યા છે.


કાન મૂળ પોર ગામના વતની અને ગાંધીનગરના શિક્ષણક્ષેત્રે જાણીતા, ગુજરાત માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ સુરેશભાઈ પટેલના ઘરમાં રહેશે. સુરેશભાઈ તેમનાં પત્ની નયનાબેન અને પુત્ર શેષાન સાથે ભારતના અનુભવો મેળવવા કાન ખૂબ આતુર અને ખુશ છે. સુરેશભાઈ અને તેમનો પરિવાર એક વર્ષથી એઍફઍસ સાથે જોડાયેલાં છે.

ઈપો ઍલઆઈસીમાં ફરજ બજાવતા અનિષ મંકોડીના ઘરે રહી અહીંના અનુભવો મેળવશે. અનિષભાઈ મંકોડી, તેમનાં પત્ની કલ્પનાબેન અને પુત્ર દિપ્તાંશુ ચાર વર્ષથી સંસ્થા સાથે જોડાયેલાં છે અને અગાઉ પણ બે ઈટાલિયન બાળકોને હોસ્ટ કરી ચૂક્યા છે.

બંને વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિ વિશે જાણવા તથા અહીંના રીતિ-રિવાજો શીખવા ઉત્સુક છે. બંને વિદ્યાર્થીઓ શહેરની ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં અભ્યાસ કરી રહ્યા છે.

બંને વિદ્યાર્થીઓ માટે આયોજિત સ્વાગત કાર્યક્રમના અંત ભાગમાં એઍફએસ, ગાંધીનગર ચૅપ્ટરનાં પ્રમુખ વર્ષા પારેખે હોસ્ટ ફેમિલીઝ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## સદગુરુનું શરણ અદભૂત આત્મિક શાંતિ અને સલામતી બક્ષે છે









લ્યો, હવે વરસાદનો ઈંતજાર પૂરો થયો. વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. આહ્લાદકતા અનુભવાય છે. મન – હૃદયમાં સુકુનની લાગણી પ્રસરી છે કુદરત એના ક્રમ મુજબ જરૂર વર્તે છે. આટલી અલગ–અલગ ઋતુઓનો અનુભવ એ આપણું; ભારતવાસીઓનું ભાગ્ય છે... માણસને જીવવા માટે જરૂરી તમામ સ્ત્રોત અહીં આપણાં દેશમાં ભરપૂર માત્રામાં ઉપલબ્ધ છે. વિવિધતામાં એકતા જેવી આ આપણી ગૌરવવંતી સંસ્કૃતિમાં દરેક રાજ્યની પોતાની ભાષા, રીતી-રિવાજ, પરંપરા, પહેરવેશ, તહેવારો... કંઇ કેટલા નાવિન્યથી ભરપૂર છે. સકારાત્મકતાથી વિચારીએ તો જીવન જીવવાનું ભરપૂર ભાથું આપણી સામાજીક વ્યવસ્થા, પરંપરા અને રીતી-રિવાજો થકી મળી રહે છે...

હવે એ દિવસો નજીક જ છે જ્યારે વાતાવરણમાં ઉલ્લાસ છવાશે. રુમઝુમ કરતાં તહેવારના દિવસો નજીક આવી રહ્યા છે. ધાર્મિક–સામાજીક તહેવારોની ઉજવણીથી જનજીવનમાં ધબકાર અનુભવાશે. ઉમંગ છવાશે... જનજીવન અને બજારોમાં તેજી આવશે. શિવભક્તિ, કૃષ્ણભક્તિ, શક્તિની ભક્તિના દિવસો સાથે ઉપવાસ અને સબંધોનું મહિમાગાન કરતાં તહેવારોની ઉજવણીમાં આપણે સૌ વ્યસ્ત થઈશું. ખૂબ સરસ છે, મઝાની છે આ રીત-રસમ. એટલે જ કદાચ ભારતીય સંસ્કૃતિ અને હિંદુધર્મ દુનિયાને આકર્ષે છે. તેંત્રીસ કરોડ દેવી–દેવતાઓ જ્યાં પૂજાતા હોય એવો આ આપણો એક માત્ર દેશ હશે. દેશના અલગ–અલગ રાજ્યમાં ઉજવાતા અલગ–અલગ પર્વો સાથે સ્થાનિક લોકોની શ્રધ્ધા પરોવાયેલી હોય છે. આ ઉજવણીઓ થકી ઈશ્વરપ્રતિ આસ્થા સાથે જીવન પ્રત્યે વિશ્વાસની લાગણી ગાઢ બને છે. અનેક વિસંવાદિતાઓ વચ્ચે જીવતો માનવી તહેવારોની ઉજવણીમાં જોડાઈને જીવનમાં આશા - ઉત્સાહનો સંચાર પામે છે.

સંબંધોનું મહિમાગાન કરતા તહેવારોમાં એક સૌથી મહત્વનો અને પવિત્ર દિવસ 'ગુરુપૂર્ણિમા' છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરુને ઈશ્વરતુલ્ય આદરપાત્ર સ્થાન છે. જીવનમાં યોગ્ય સમયે યોગ્ય ગુરુની પ્રાપ્તિ થવી એ ભાગ્ય આધારિત ઘટના છે. પરંતુ આપણા દેશમાં એવી અનેક મહાન વિભૂતિઓ લોકોના મનમાં ગુરુપદે બિરાજમાન છે. આમ જોઈએ તો 'ગુરુ' માટે કોઇ નિશ્ર્ચિત ધારાધોરણો નથી. વ્યક્તિ જેની સાથે સમીપતા મહેસૂસ કરે... જેનામાં વિશ્વાસ અને શ્રધ્ધા અનુભવી શકે એવું કોઈપણ પ્રેરણાદાયી વ્યક્તિત્વ એના માટે ગુરુ સ્થાને હોઈ શકે. કેટલાક લોકોની ગુરુ પ્રત્યે એકલવ્ય ભક્તિ પણ અસ્થાને નથી. ગુરુ, ભક્ત અને ભગવાન વચ્ચેની મજબૂત કડી છે. સાદા શબ્દોમાં કહીએ તો એક સદગુરુ એવા વકીલ છે જે પરમશક્તિ સાથે આપણો, સામાન્યજનનો નાતો જોડી આપે છે. પ્રભુભક્તિ તો આપણે કરીએ છીએ પરંતુ આપણે પ્રભુ સાથે પ્રત્યક્ષતાની અનુભૂતિ કરી શકતા નથી... જ્યારે ગુરુ; કે જે આપણા જીવનપથના માર્ગદર્શક અને આધાર છે, પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જોડાયેલા રહીને આ જીવન નાવને હંકારતા 'લાઈફ સેવીંગ બોટ' જેવા ગુરુનું અસ્તિત્વ આપણું જીવન બની જાય છે. વ્યક્તિ ગમે તેટલી સક્ષમ બની જાય, પરંતુ પામર માનવી જીવનની ઘણી નબળી ક્ષણોમાં પોતાનું સંતુલન ગુમાવી બેસે છે. આવા સમયે ઉગારનાર જે પરિબળ છે એ પ્રભુભક્તિ અને ગુરુનું માર્ગદર્શન જ છે. આમ જોઈએ તો જીવન ખુદ એક પાઠશાળા છે. જ્યાં જન્મથી શરૂ કરીને મૃત્યુ સુધી અનેક ઘટના અને વ્યક્તિઓ થકી શીખવાની પ્રક્રિયા ચાલતી જ રહે છે. આપ સૌ જાણો છો એમ શ્રીગુરુદેવ દત્ત એ ચોવીસ જીવોને પોતાના ગુરુ માન્યા હતા અને એ પ્રત્યેકમાંથી એમણે જીવનશિક્ષાના પાઠ મેળવ્યાનો ઉલ્લેખ વાંચવા મળે છે. બાળક માટે સૌ પ્રથમ માતા–પિતા ગુરુસ્થાને આવે છે. ત્યારબાદ શિક્ષક એના જીવનમાં મહત્વનો ભાગ ભજવે છે. સંસ્કારી, સદાચારી અને જ્ઞાની માતા–પિતા અને શિક્ષક જેને પ્રાપ્ત છે એને જીવનમાં કોઇ તબક્કે મૂંઝવણ અનુભવાતી નથી. આ સંબંધોથી વધુ નિકટતા અને નિઃસ્વાર્થતા કોઈ સંબંધોમાં જોવા મળતી નથી. પરંતુ કમનસીબે આજકાલ આ સંબંધોમાં મોટા અંતરાયો ઉભા થયા છે જે બિલકુલ અનિચ્છનીય છે.

કોઈપણ વ્યક્તિ માટે સૌથી વિશેષ હિતેચ્છુ એવા માતા–પિતાની અવગણના થાય છે. જીવનમાં જ્ઞાનમાર્ગના પથદર્શક એવા શિક્ષકનો આદર જળવાતો નથી. જ્યાં ઈશ્વરતૂલ્ય સન્માનના અધિકારી આ પાત્રોનો અનાદર છે એવી સામાજીક વ્યવસ્થા ઝડપથી ભંગાણ તરફ દોરવાય છે. માતા–પિતાનો આદર કરતાં શીખવવું એ શિક્ષકની ફરજ છે અને શિક્ષકને સન્માન આપતાં શીખવવું એ માતા–પિતાની ફરજ છે. જ્યારે સમાજના મુખ્ય આધારસ્તંભ એવા બે મુખ્ય પાત્રો પોતાની ફરજ ચૂકશે તો આ 'ગુરુ પૂર્ણિમા' માત્ર ઔપચારિકતા બની જશે. જ્યારે શાળા શિક્ષકો અને વાલીઓ એક અથવા બીજા કારણસર એકબીજાનો વિરોધ કરવામાં સક્રિય બને છે ત્યારે શિક્ષણ અને સંસ્કારની ગરિમા ઝુંટવાય છે. સંસ્કારી સમાજ ઈચ્છતા સહુએ આ બાબતે જાગૃત થવાની તાતી જરૂર છે. ગુરુપૂર્ણિમા એ 'વ્યક્તિ મહત્તા'નું પર્વ બની રહ્યું છે પરંતુ મુખ્ય એ ગુરુતત્વની આરાધના છે. લેભાગુ ગુરુઓથી જાતને બચાવી યોગ્ય સદગુરુના શરણમાં સ્થાન પામી વ્યક્તિ સલામતી અનુભવે છે. સદગુરુનું શરણ એક અદભૂત આત્મિક શાંતિ અને સલામતી બક્ષે છે.

સદગુરુ શંકરાચાર્યથી શરૂ કરીને અનેક ગુણીજન આપણી ધરતી પર જન્મ્યા છે. કેટલાકે ગુમનામ રહીને અનેક જીવન ઉજાળ્યા છે. અનેક સિધ્ધીઓને પ્રાપ્ત કરનાર વીરલ જીવો થકી આપણી ધરતી પાવન છે. ઉત્તર–દક્ષિણ–પૂર્વ–પશ્ચિમ કોઈપણ ખૂણે નજર દોડાવો, કેટલાય સંત મહાપુરુષોના જીવનકવનોથી આપણી સંસ્કૃતિ સમૃધ્ધ છે.

દુનિયા પર જન્મ લેતી દરેક વ્યક્તિ જન્મોજન્મના કર્મોથી સીંચાયેલો આત્મા છે. સતકર્મોથી સંચિત આત્મા માનવ સ્વરૂપે કોઈકના માર્ગદર્શક બનવાની ક્ષમતા ધરાવે છે. જીવનમાં કેટલીકવાર ધાર્મિક કે આધ્યાત્મિક કેટગરીમાં ન હોવા છતાં અમુક વ્યક્તિઓ આપણા હૃદયમાં 'ગુરુ' સ્થાને પ્રસ્થાપિત થાય છે. જાણે–અજાણે, કોઈ પ્રયત્ન વિના આવી વ્યક્તિના વાણી-વર્તન-વિચાર થકી સંપર્કમાં આવનાર સન્માનથી એમની સાથે જોડાય છે. આપણો એમના પરનો વિશ્વાસ એમને ગુરુસ્થાને પદાન્વિત કરે છે. આ વિશ્વાસ થકી જ 'ગુરુ'નું પ્રાગટ્ય સંભવે છે. શિષ્યની શ્રધ્ધા ગુરુમાં પવિત્રતા પ્રગટાવે છે. ગુરુભક્તિ ગુરુને મહાનતા બક્ષે છે. સમાજ નિર્માણમાં અને માનવ જીવનના ઉત્થાનમાં જેનો ગુરુફાળો છે એવા આદરણીય વડીલો, શિક્ષકો, ધાર્મિક–આધ્યાત્મિક ગુરુજનોના ચરણોમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે ભાવપૂર્વક વંદન.